રાજકોટના મે. જયુડી. મેજી.ફ.ક.(મેઈન) સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ

ફોજદારી કેસ નં.૬૯૧૦/૨૦૦૪
આંક– ૧ લગત

ફરીયાદી :– લેબર એન્ડો. ઓફીસ
વિરુધ્ધ

આરોપી/ઓ :– ૧) મુકેશભાઈ એન. સંધાણી
૨) કાળુભાઈ અને સંધાણી
મેસર્સ મઢવી કન્સ્ટ્ર.

ગુનો : મીનીમમ વેજીસ એકટની કલમ ૨૨–એ મુજબ.

–:: **ચુકાદો** ::–

(૧) સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. હાલના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી એ મીનીમમ વેજીસ એકટની કલમ ૨૨–એ હેઠળનો ગુનો આચરેલ હોય તે અંગે ફરીયાદીએ ધોરણસરની ફરીયાદ અદાલતમાં દાખલ કરતા આરોપી વિરૂધ્ધ આ અદાલતે સદર ગુનાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ.

(૨) સદર કામે આરોપીને પ્રોસેસ બજવવા પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીને પ્રોસ ેસની બજવણી થઈ શકેલ નહી તેમજ તમામ પ્રયત્નો કરવા છતા આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચીત કરી શકાતી નથી. પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તેમજ અવારનવાર પ્રયત્નો કરવા છતા આરોપી મળી આવતો ન હોય સદર કામે ફરીયાદી–કચેરીના અધિકારી ને તેમજ પોલીસ મારફતે તેમજ ઈનલેન્ડ પત્ર લખી ટપાલ વીભાગ મારફતે પ્રોસેસ બજવણી અર્થે મોકલવામા આવેલા તેમજ ફરીયાદી કચેરીને આરોપીને કોઈપણ રીતે શોધી તેઓના નવા સરનામા અત્રેની અદાલત સમક્ષ રજુ કરવા જણાવવામા આવેલ તથા હાલના સોપેલ પ્રોસેસ આરોપીને બજવણી કરી અત્ર ેની અદાલતને પરત કરવા જણાવેલ. આમ, પ્રસ્તુત કેસમાં પ્રોસેસની બજવણી કરવા પુરતા અને તમામ પ્રયત્નો કરવામાં આવેલ છતા ફરીયાદી– કચેરીના અધિકારી આરોપીને શોધી શકવામાં કે સમન્સની બજવણી કરવામાં અસફળ રહેલ છે.

(૩) ઉપરોકત હકીકત ધ્યાને લેતા તેમજ હાલનુ કેસ રેકર્ડ વંચાણે લેતા પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તથા પ્રસ્તુત કેસમાં આરોપી નજીકના ભવીષ્યમાં પણ મળી આવે કે તેની સામે ટ્રાયલ શરૂ થઈ શકે તેવી કોઈ શકયતા જણાતી નથી તદઉપરાંત હાલમાં અદાલતોમાં કેસોના ભરાવાનુ પ્રમાણ જોવામા આવે તો આવા પ્રકારના ડેડવુડ કેસો કે જેમાં ફરીયાદ પક્ષ પોતે આરોપીને શોધી શકે તેમ નથી, અદાલત સમક્ષ તેનુ કોઈ સરનામુ રજુ કરી શકે તેમ નથી કે નજીકના ભવીષ્યમા ટ્રાયલ શરૂ થઈ શકે તેમ નથી તેવા કેસો ફરીયાદ પક્ષને આરોપી જયારે મળી આવે ત્યારે ફરીથી પ્રોસીકયુશન દાખલ કરવાની પરવાનગી સાથે ફેસલ કરવામાં આવે તો અદાલતોમાં પેન્ડીંગ આવા જુના કેસો નુ ભારણ

ઘટી શકે તેમજ અદાલતો અસરકારક કેસો પર પુરતુ ધ્યાન આપી શકે.

(૪) આ તબકકે અત્રેની અદાલતનુ ધ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નંબર ૬૫૬/૧૯૯૯, ગુજરાત સરકાર વિ. કે.કે.હરખાણી ના કેસમાં તારીખ ૨૨/૦૩/૨૦૦૦ ના રોજ આપવામા આવેલ ચુકાદા પર જાય છે જેમા નામદાર ગુજરાત હાઈકોટ ધ્વારા એવુ ઠરાવેલ છે કે,

"2. The learned JMFC, Bhavnagar the case is more than six years old, the prosecution has been unable to serve the process issued in the said case against the accused nos. 10 and 11. The court has attempted to effect the made attempts to serve them. However, so far they have remained unsuccessful in effecting service. Under the circumstances the learned JMFC directed that the trial should proceed against the accused nos. 1 to 9 and 12, and that as and when addresses of accused nos. 10 and 11 are obtained, liberty is reserved to the complainant to file fresh complaints against them. ultimately the trial is directed to proceed as against accused nos. 1 to 9 and 12.

3. On the facts and circumstances of the case I find that the impugned order is completely justified, and unexceptionable. Learned counsel for the State is unable to point out as to how the impugned order would work to the prejudice of the prosecution or the complainant in any manner whatsoever. This revision is therefore, summarily dismissed."

(૫) ઉપરોકત તમામ હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતા હાલના કેસમા પણ જો ફરીયાદ પક્ષને જયારે આરોપી મળી આવે તેવા સંજોગોમાં ફરીથી નવુ પ્રોસીકયુશન એટલે કે નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે હાલનો કેસ ફેસલ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે જેથી, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

—::હુ ક મ::—

૧. આ કામના આરોપી મળી આવતા ન હોય તેમજ ફરીયાદ પક્ષ આરોપીનુ નવુ સરનામુ રજુ કરી શકે તેમ ન હોય તેમજ આરોપી સામેની ટ્રાયલ ટુંક સમયમાં શરૂ થાય તેવી કોઈ શકયતા ન હોય, ફરીયાદ પક્ષને જયારે આરોપી તથા તેનુ સરનામુ મળી આવે ત્યારે ફરી થી નવુ પ્રોસીકયુશન એટલે કે, નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે આરોપી સામેની કાર્યવાહી હાલ પુરતી બંધ કરી હાલનો કેસ ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨—૪—૧૮

(આસીફ આબીદહુસૈન ખેરાદાવાલા)
જયુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(મેઈન)
રાજકોટ.
(CODE NO.GJ01282)